ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મારા થનાર ફાધરે મને એપલનો ફોન આપ્યો... અત્યારે જે છે એમણે ફોનની સેલ્ફી સ્ટીક આપી અને ઓરીજનલે એક હજારનું રિચાર્જ કરાવી દીધું બોલ...!!

# ચિલોડાના ઉમિયાનગરના મકાનમાં ૭૦ હજારના દાગીનાની ચોરી

ચિલોડા, તા. ૧૯

ગાંધીનગર નજીકના ચિલોડામાં આવેલ ઉમિયાનગરના હતા અને ઘરના દરવાજાને માત્ર સ્ટોપર જ મારી હતી. મોડી રાત્રે કેટલાક તસ્કરોએ તકનો લાભ લઈ



મકાનને મોડી રાત્રે તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ મળી રૂ. ૭૦,૫૦૦નો મુદ્દામાલ સમેટી પલાયન થઈ ગયા હતા. આ મામલે ચિલોડા પોલીસે મકાન માલિકની ફરિયાદના આધારે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

ચિલોડાના ઉમિયાનગરમાં રહેતા અંબાલાલ બબાભાઈ પટેલ પરિવાર સાથે ગત રાત્રીના સમયે ઘરની ઓશરીમાં નિંદર લઈ રહ્યા મકાનમાં પ્રવેશ કર્યો હતો અને પેટી પલંગમાં રહેલા ચોના-ચાંદીના દાગીના તેમજ રૂ. ૫૦૦ની રોકડ રકમ મળી કુલ રૂ. ૭૦,૫૦૦નો મુદ્દામાલ લઈ પલાયન થઈ ગયા હતા. વહેલી સવારે મકાન માલિક અંબાલાલે ઉઠીને જોતા ઘરમાં ચોરી થઈ હોવાની ખબર પડી હતી. જેથી ચિલોડા પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ એલ.ડી. વાઘેલા ચલાવી રહ્યા છે.

## રણાસણ સર્કલ પાસે ચોરીના બાઈક સાથે ઈસમની ધરપકડ

ડભોડા પોલીસે રણાસણ સર્કલ પાસે ચોરીના બાઈક સાથે બાઈક ચોરને ઝડપી પાડ્યો હતો અને ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

ડભોડા પોલીસે આજે સવારના સમયે રણાસણ ગામના સર્કલ પાસેથી શંકાસ્પદ બાઈક સવાર ઈસમને અટકાવી પુછપરછ કરતા ચોરીનું બાઈક હોવાનું માલુમ પડ્યુ હતુ. આથી તેની વધુ પુછપરછ કરતા આરોપી બાઈક ચોર ગોપાલ ધુડાભાઈ ડામોર (રહે. ડુંગરપુર, રાજસ્થાન) એ લવારપુરમાંથી જયેશ પ્રવિણભાઈ ઉનડકટના ઘર આગળથી બાઈકની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.

# સે. ૫માં "યોગા" ગૃપનું યોગ દિવસે વિશેષ આયોજન

## છેલ્લા ૩ વર્ષથી નિયમિત યોગ-પ્રાણાયામ કરતા યોગા ગૃપ પ્રેરણા સ્કૂલના બાળકો સાથે યોગ દિવસ ઉજવશે

ગાંધીનગર, તા. ૧૯

વિશ્વ યોગ દિવસની ઉજવણી માટે સમગ્ર દેશમાં તૈયારીઓ ચાલી રહી છે ત્યારે ગાંધીનગરના સેક્ટર-૫માં 'યોગા' ગૃપ દ્વારા છેલ્લા ૩ વર્ષથી યોગ-પ્રાણાયામ પ્રવૃત્તિ સાથે યોગ દિવસની ઉજવણીની તૈયારીઓ પણ હાથ ધરાઈ છે. તા. ૨૧મી જુને આ ગૃપ દ્વારા સે. ૫ની પ્રેરણા સ્કૂલના બાળકોને પણ યોગ પ્રાણાયામની પદ્ધતિઓ શિખવાડવામાં આવનાર છે.

યંગ ઓલ્ડ ગૃપ એસોસિએશન ઉર્ફે "યોગા"માં યુવાનોથી માંડીને ૮૨ વર્ષ સુધીના વડીલો સહિત કુલ ૪૨ જેટલા સભ્યો સામેલ છે. દરરોજ સવારે ૬ થી ૭ વાગ્યાના સમય દરમ્યાન સે. ૫ના ગાર્ડનમાં ૩ વર્ષથી નિયમિત પણે



કસરતો-યોગાસનો વગેરે કરવામાં આવે છે. આ દરમાયન તેઓ પ્રાર્થના, હળવી કસરતો, શ્વાસોશ્વાસની ટેકનિક ઉપરાંત તાવરિયાજીની મ્યુઝિક સાથેની ૩ એસઆરબી રિધમથી શરીરનું રિચાર્જીંગ કરે છે. જેના કારણે શરીર હળવુફૂલ અને ગેસવાયુમુક્ત લાગે છે અને દિવસભર સ્ફૂર્તી જળવાઈ રહે છે. આ ઉપરાંત અહીંના સભ્યોના જન્મદિન પણ આમળા કે એલોવીરાના સ્વાસ્થ્યવર્ધક જ્યુસની પાર્ટી દ્વારા ઉજવાય છે. આ સભ્યોના કેટલાક વડીલો તો લીવર, હાર્ડ અને ઘુંટણના ટ્રાન્સપ્લાન્ટની સર્જરી પણ કરાવી ચુક્યા છે. છતાં નિયમિતપણે દરરોજની પ્રક્રિયામાં સામેલ થાય છે.

આ યોગા ગૃપ દ્વારા તા. ૨૧મી જુને પ્રેરણા સ્કૂલના બાળકોને પણ ગાર્ડનમાં યોગ દિવસની ઉજવણી માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. આ ઉજવણીમાં તેઓ સરકારી આયોજન મુજબની યોગ-પ્રાણાયામ કસરતોમાં જોડાશે અને ત્યાર બાદ બાળકોને યોગા ગૃપની દરરોજની નિયમિત કસરતો તથા હાસ્યાસનોનો પણ અનુભવ કરાવશે.

## નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યોગ નિદર્શન-યુવા સંમેલનનું આયોજન

નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા ૨૧મી જુને યોગ નિદર્શન અને યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વ યોગ દિવસ નિમિત્તે જિલ્લાના ચારેય તાલુકાઓમાં યુથ પાર્લામેન્ટનું આયોજન કરીને યોગ નિદર્શન કરવામાં આવશે. આ ઉપરાંત વિડિયો ફિલ્મ બતાવવામાં આવશે. જિલ્લાના યુવા મંડળો, મહિલા મંડળો, એનએસએસ, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા યુવા મિત્રો યોગ નિદર્શનના કાર્યક્રમમાં ભાગ લેશે. મંગળવારના રોજ સવારના ૭ થી ૮ કલાક દરમિયાન નહેરુ યુવા કેન્દ્ર દ્વારા સ્વામી વિવેકાનંદ સ્કુલ, સેકટર-૨૪, અશ્વિન પટેલ કોમર્સ કોલેજ ઘ-૬ ખાતે યોગ નિદર્શન યોજાશે તથા સવારે ૧૦ કલાકે સે-૧૬ યુથ હોસ્ટેલ ખાતે યુવા સંમેલનનું પણ આયોજન કરાયું છે.







આજે ૧૯ જુને અખિલ ભારતીય કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના જન્મદિવસની ઉજવણી સે.૨૨ કાર્યાલય ખાતે કેક કાપીને કરવામાં આવી હતી. ત્યારબાદ ધો-૧૨ ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન અંગેની માહિતી સભર સીડીનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ સે. ૨૮ ખાતે આવેલ સમર્પણ મૂકી બધિર શાળા ખાતે વિદ્યાર્થીઓને મિઠાઇ વહેંચવામાં આવી હતી. જે પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, જિ.પં પ્રમુખ રામાજી ઠાકોર, પ્રદેશ પ્રવક્તા ડો. હિમાંશુ પટેલ, બાબુસિંહ ઝાલા, શૈલેન્દ્રસિંહ બિહોલા, ચિમનભાઈ વિંઝુડા, એલ.એન. પરમાર, જે.ડી. ચારેલ, દિનુભાઈ ઠાકોર, બેચરજી ઠાકોર, સવધાનજી રાઠોડ, વિષ્ણુભાઈ પટેલ, તેજાભાઈ દેસાઈ, જયરાજસિહ વાઘેલા, હસમુખજી મકવાણા, સંજય પટેલ, ઉર્મિલા વર્મા, રાકેશ પટેલ, પાયલ મેણાત, યુવરાજસિંહ રાણા, અશ્વિનસિંહ ટાપરિયા, રાકેશ જાની, સુહાગ પંચાલ, સુરેશ ચૌધરી, જિતેન્દ્રસિંહ ડાભી, વિરેન્દ્રસિંહ ઝાલા, મેહુલ રાઠોડ, સહિત અનેક કાર્યકરો -આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી દિપેશ દેસાઈ તાલિમ માટે આજથી જઈ રહ્યા છે. તેમનો ચાર્જ ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સુશ્રી જયશ્રીબેન દેવાંગનને સોંપાયો છે.

● ન્યુ સચિવાલય ક્રેડીટ સોસાયટીની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહેતા પ્રચાર અભિયાનને ઉમેદવારોએ વેગીલુ બનાવ્યુ છે.

● ગાંધીનગર શહેરમાં આજે છુટા છવાયા વરસાદી છાંટા પછી ઉકળાટ અને બફારાને લઈ લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

● ગાંધીનગરમાં આજકાલ સોસાયટીઓણાં પરિણામોમાં મળેલી બાળકોની સફળતાને લઈ સમૂહભોજનના આયોજનો ચાલી રહ્યા છે.

● ગાંધીનગર શહેરમાં 'ચ' માર્ગ અને 'ઘ' માર્ગ પર વધતા જતા અકસ્માતોને નાથવા બમ્પ બનાવવાની માંગ ઉઠવા પામી છે. ગતિ મર્યાદાના નિયમનો અમલ નહિ થતો હોવાને કારણે અકસ્માતો વધ્યા હોવાનું પણ લોકજીભે ચર્ચાઈ રહ્યું છે.

● એકાદ સપ્તાહમાં સનદી અધિકારીઓની બદલીનો ગંજીફો ચીપાશે તેમ સચિવાલય સંકુલમાં ચર્ચાઈ રહ્યું છે.

## ખોરજ નર્મદા કેનાલમાંથી અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળ્યો

અડાલજ નજીકના ખોરજ નર્મદા કેનાલમાંથી અંદાજીત ૪૫ વર્ષીય અજાણ્યા પુરૂષનો મૃતદેહ કેનાલના પાણીમાં તરતો મળી આવ્યો હતો. ખોરજના રહીશ ચુતરભાઈ શકરાજી ઠાકોરને જાણ થતા તુરંત અડાલજ પોલીસમાં જાણ કરી હતી. અડાલજ પોલીસે અજાણ્યા મૃતદેહને બહાર કાઢી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પી.એમ.અર્થે મોકલી આપ્યો હતો.

# સિનિયર IASનું લિસ્ટ તૈયાર, કોણ ક્યાં જશે ! અટકળો તેજ બની, વહીવટી ફેરફારો નિશ્ચિત

## ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

સ્કૂલોમાં બાળકોનો પ્રવેશોત્સવ પૂર્ણ થયો છે. યોગા દિવસ પણ નિયત સમય ૨૧મી જૂને આવ્યો છે. હવે સચિવાલયમાં એવી અટકળો તેજ બની ચૂકી છે કે ક્યા ઓફિસરની ટ્રાન્સફર ક્યાં થાય છે. કોને ક્યો ચાર્જ આપવામાં આવે છે. સરકારના વિભાગોમાં કોણ ફેંકાય છે અને કોને પ્રાઈમ પોસ્ટીંગ મળે છે. જી, હા- સચિવાલયમાં બદલીની ફાઈલ તૈયાર થઈ રહી છે... ત્રણ ડઝનથી વધારે સિનિયર આઈએએસ ઓફિસરો બદલાય છે. સચિવાલયના વિભાગો ઉપરાંત બોર્ડ-કોર્પોરેશન તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરોની બદલીઓ ઓનબોર્ડ છે. વિધાનસભાના બજેટ સત્ર પછી આ ત્રીજો પ્રયાસ છે કે જેમાં સિનિયર ઓફિસરોનું લિસ્ટ તૈયાર થયું છે. અગાઉ બે વાર આ લિસ્ટ રદ થઈ ચૂક્યું છે. સૂત્રો કહે છે કે મંત્રીમંડળનું વિસ્તરણ હાલ તો સ્થગિત કરી દેવામાં આવ્યું છે પરંતુ બ્યુરોક્રેસીમાં ફેરફારોને લીલીઝંડી મળી ચૂકી છે. ઓફિસરોની બદલીઓમાં એકમાત્ર સુપર પાવર કે. કૈલાસનાથન છે, કે લિસ્ટ તેમની કચેરીમાંથી સ્ક્રૂટીની થઈને પસાર થાય છે.

**સ્વર્ણિમ સંકુલમાં પૂજા-હવનની જરૂર છે, કર્મચારીઓ ઉચાટ અનુભવે છે**

**● ત્રીજા ધક્કે રૂપિયા આપ્યા વિના કામ પૂર્ણ કરો...**

સચિવાલયની મુલાકાતે આવેલા એક ખેડૂતની આપવિતી સાંભળીએ તો આપણને દુખ થાય છે કે કોમનમેન માટે હવે કોઈ આસરો નથી. ગ્રામ્યકક્ષાએથી તાલુકા અને તાલુકા થી જિલ્લા સુધી પાંચ વર્ષ કાઢી નાંખનાર આ મુલાકાતી ખેડૂતને ડગલે ને પગલે રૂપિયા ચૂકવવા પડ્યા છે. આ ફાઈલ ગાંધીનગર પહોંચી ત્યાં સુધીમાં તો તેને છ વર્ષનો સમય થયો અને એક લાખ રૂપિયાના તેણે ચૂકવણાં કર્યા છે. હવે તે ગાંધીનગર આવ્યો તો તેને ખબર પડી કે આટલી બીજી રકમ તો તેની ફાઈલ વિભાગમાંથી સેક્રેટરી સુધી પહોંચાડવાની મુવમેન્ટ માટે જોઈએ છે. રજૂઆત કરીને થાકી ચૂકેલા આ ખેડૂતના શબ્દો છે કે - લોકોનું કામ ત્રીજા ધક્કે રૂપિયા આપ્યા વિના પતી જાય તો તેને ગતિશીલ અને સ્વચ્છ સરકાર કહેવાય...

**● સ્વર્ણિમ સંકુલ એટલે ઉચાટ અને ગભરાહટ...**

ગુજરાતના પાટનગર ગાંધીનગમાં મિનિસ્ટરો માટે બનાવેલા સ્વર્ણિમ સંકુલ પાર્ટ-૧ અને પાર્ટ-૨ એ એવા મૂહુર્તમાં બન્યાં છે કે આ જગ્યાએ મિનિસ્ટરના સ્ટાફને ઉચાટ અને ગભરાહટ મહેસૂસ થાય છે. સચિવાલયના બ્લોક નં-૧ અને બ્લોક નં-૨માં જે હવાઉજાસ અને હળવાશ હતી તે આ સ્વર્ણિમ સંકુલમાં જોવા મળતી નથી. એક સિનિયર કર્મચારીએ કહ્યું હતું કે મને મિનિસ્ટ્રી સ્ટાફમાંથી છૂટો કરવામાં આવે તો હું સચિવાલયના કોઈપણ બ્લોકમાં જવાનું વધુ પસંદ કરૂં છું. માત્ર સ્ટાફને જ નહીં મંત્રીઓ, સનદી અધિકારીઓ તેમજ મુલાકાતીઓને પણ એવું જ ફિલ થઈ રહ્યું છે. સ્વર્ણિમ સંકુલ લાગે છે કોર્પોરેટ પરંતુ કામની હળવાશ હોવી જોઈએ તે નથી. કર્મચારીઓ આસાનીથી કામ કરી શકતા નથી. સરકારે પૂજા કે હવન કરાવીને ભૂમિને શાંત કરવી જોઈએ તેવું એક બ્રાહ્મણ અધિકારીએ કહ્યું છે.

**● વિશ્વ યોગા ડે- ૪૦,૦૦૦ જગ્યા અને ૧ કરોડ લોકો....**

વિશ્વ યોગા દિન નિમિત્તે ગુજરાત સમગ્ર વિશ્વમાં એક રેકોર્ડ સ્થાપવા જઈ રહ્યું છે. સરકારનો દાવો છે કે આ દિવસે રાજ્યભરમાં ૪૦,૦૦૦ જગ્યાએ એક કરોડ થી વધુ લોકો એકસાથે યોગા કરશે. સરકારનો ઈરાદો ગીનિસ બુકમાં રેકોર્ડ કરવાનો છે. સ્ટેટલેવલનો કાર્યક્રમ ૨૧મીએ અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ પર થશે અને તેમાં ૬૦,૦૦૦થી વધુ લોકો જોડાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ જગ્યાએ ૫૦૦૦ લોકો યોગા મુદ્રામાં હ્યુમન ચેઈન બનાવશે. ગુજરાતમાં પહેલીવાર આવો પ્રયોગ થઈ રહ્યો છે. રાજકોટમાં યોજાનારા યોગા કાર્યક્રમમાં અંદાજે ૨૦૦૦ ગર્ભવતી મહિલાઓ જોડાનાર છે. આ પણ ગુજરાતની વિશ્વમાં એક સિદ્ધિ હશે તેવો દાવો કરવામાં આવ્યો છે. ગુજરાત સરકારે યોગ માટે બાબા રામદેવ અને શ્રી શ્રી રવિશંકર સાથે ટાઈઅપ કર્યુ છે. આ સાથે કેટલાક એનજીઓ પણ યોગા માટે જોડાયા છે.

**● GIDC બનાવો પણ મોનિટરીંગ પણ જરૂરી છે...**

ગુજરાતની ઔદ્યોગિક વસાહતોમાં મૂડીરોકાણ કરતા સાહસિકોને રાજ્ય સરકાર નાણાકીય સહાય આપે છે ત્યારે સહાયનો આ આંકડો ૩૦૦૦ કરોડને પાર થઈ રહ્યો છે. સરકારે મોટા અને મધ્યમકક્ષાના ૪૧૦૦ ઉદ્યોગોને આ સહાય આપી છે. આ સહાયના ઉપયોગથી રાજ્યના ઉદ્યોગોમાં ૧૭૦૦૦ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ થયું હોવાનો દાવો સરકાર કરી રહી છે પરંતુ ઉદ્યોગ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે ચાઈના અને વિદેશની કંપનીઓના ડમ્પિંગના કારણે ઘરનો સામાન ઘરમાં વેચાતો નથી. ઔદ્યોગિક વસાહતોની હાલત એટલી કફોડી બની છે કે કંપનીઓએ લીધેલી લોનનું વ્યાજ પણ નિયમિત ભરી શકાતું નથી, આમ છતાં રાજ્યની ઔદ્યોગિક વસાહતોને વિકસાવવા જીઆઈડીસીએ ૪૨૦૦૦ હેક્ટર જમીન પ્રાપ્ત કરવાનો અંદાજ રાખ્યો છે.

**● સરકારને ટેલેન્ટની નહીં પપેટ ની જરૂર છે...**

ભારતને હાઈપ્રોફાઈલ ટેલેન્ટની જરૂરિયાત હોય તેમ લાગતું નથી. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ગવર્નર રઘુરામ રાજન સામે ભાજપના સંઘ પ્રેરિત સુબ્રમણ્યમ સ્વામીએ જેહાદ જગાવ્યા પછી ખુદ રાજને કહી દીધું કે મને બીજી ટર્મમાં કોઈ રસ નથી. હું મારી એકેડેમિક ફિલ્ડમાં પાછો ફરી રહ્યો છું, એટલે કે તેઓ સપ્ટેમ્બર પછી અમેરિકા જશે તે નક્કી છે. આમ પણ હાલના સફેદ વસ્ત્રધારી શાસકોને ટેલેન્ટની નહીં પપેટની જરૂર છે. કોંગ્રેસ અને યુપીએ શાસનમાં વફાદારી પૂર્વક કામ કરનારા અધિકારીઓને હાલ ટારગેટ બનાવવામાં આવી રહ્યાં છે. ભવિષ્યમાં કેન્દ્રમાં બીજી સરકાર આવશે એટલે હાલના અધિકારીઓને ટારગેટ બનાવવામાં આવશે. આ સિલસિલો ચાલુ જ રહેવાનો છે, પછી ભારત એ વિશ્વમાં ક્યાંથી આગળ આવે, અંદરના મતભેદ અને મનભેદ એટલા વિશાળ છે કે આપણી સરહદો ઓળંગીને બીજે નજર દોડાવવાની આવશ્યકતા નથી. કેન્દ્રની જેમ ગુજરાત સરકારમાં પણ હાલ ટેલેન્ટ નહીં વફાદારોની ટીમ કામ કરી રહી છે.

**● ૬૮ વર્ષ થયાં, પહેલીવાર ગામમાં લાઇટ આવી...**

રાધાનેસડા ગામ માત્ર ગુજરાત જ નહીં, સમગ્ર દેશનું સૌ પ્રથમ સોલાર વિલેજ બન્યું છે. આ ગામ ઉત્તર ગુજરાતમાં આવેલું છે. ગામમાં ૩૫૦ પરિવારો વસવાટ કરે છે. મહત્વની બાબત તો એવી છે કે આ ગામમાં છેલ્લા ૬૮ વર્ષથી લાઈટ નથી. ફાનસના અજવાળે લોકો રહેતા હતા. હવે આ ગામમાં સોલાર સાધનો ઉપલબ્ધ બન્યા છે. રાધાનેસડા ગામમાં ૩૫૦ પરિવારોના પ્રત્યેક ઘર પર ૬૦,૦૦૦ની સોલાર સિસ્ટમ ફીટ કરવામાં આવી છે અને આ સિસ્ટમ પાંચ વર્ષ સુધી મફતમાં મરામત કરાશે. આ ગામની ભૌગોલિક સ્થિતિ એવી છે કે જ્યાં વીજળી પહોંચી શકે તેમ નથી તેથી તેના વિકલ્પે આ ગામમાં સોલાર લાઈટ નાંખવામાં આવી છે.

**● ગાંધીનગરની સત્તામાં સૌરાષ્ટ્રને અન્યાય...**

સૌરાષ્ટ્રના નેતાઓ ભાજપના પ્રદેશ પ્રમુખ બન્યા છે પરંતુ એકમાત્ર કેશુભાઈ પટેલને બાદ કરતાં બીજા કોઈ નેતા મુખ્યમંત્રીની ખુરશીમાં બેસી શક્યા નથી. કચ્છ ભાજપના સિનિયર નેતા સુરેશ મહેતા મુખ્યમંત્રી બન્યા હતા પરંતુ પ્રદેશ પ્રમુખ રહ્યાં નથી. ભાજપમાં આવેલા અત્યાર સુધીના ચાર ચીફ મિનિસ્ટરમાં બે સૌરાષ્ટ્રના અને બે સૌરાષ્ટ્ર બહારના છે. મુખ્યમંત્રી પદથી વંચિત રહેલા ભાજપના ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખમાં કાશીરામ રાણા, રાજેન્દ્રસિંહ રાણા, પુરૂષોત્તમ રૂપાલા, વજુભાઈ વાળા, આર.સી.ફળદુ અને વિજય રૂપાણી છે. ૧૯૯૫માં ભાજપની બહુમતવાળી પહેલી સરકાર બની ત્યારે પ્રદેશ પ્રમુખપદે કાશીરામ રાણા હતા. ગુજરાત ભાજપે સત્તા અને સંગઠનમાં બેલેન્સ કર્યુ છે. બન્ને સર્વોચ્ચપદ પૈકી એક પદ સૌરાષ્ટ્રને જ આપ્યું છે.

**ફાઈલ પર-'ચર્ચા કરીએ..' 'પેન્ડીંગ રાખો..' એવા શબ્દો લખાઈ રહ્યાં છે**

**● ફિલ્મી ગ્લેમર PM મોદી સાથે લેતા ગયા છે...**

ભારતના રાજ્યોમાં ખાસ કરીને દક્ષિણ વિસ્તારમાં ફિલ્મી સ્ટુડિયો સાથે ફિલ્મી શૂટીંગ આસાનીથી થાય છે જ્યારે ગુજરાતમાં આવા ફિલ્મ સ્ટુડિયો બન્યા નથી પરિણામે ફિલ્મના નિર્માતાઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં નવું બોલિવુડ ઉભું કરવા ૧૦ લોકેશન પસંદ કર્યા હતા અને તેમાં ૧૨,૦૦૦ કરોડના મૂડીરોકાણ સાથેના કરાર કર્યા હતા પરંતુ વર્તમાન સરકારમાં તેનું ફોલોઅપ અટકી ગયું છે. એ સાથે મોદીએ રાજ્યમાં ૨૨ પ્રકારના સ્પેશ્યલ એન્ટરટેઈનમેન્ટ ઝોન ઉભા કરવાનું પણ નક્કી કર્યુ હતું તેમ છતાં પ્રવાસન વિભાગ અને નિગમની બેદરકારીના કારણે કોઈ ફિલ્મી ઉદ્યોગ સ્થપાઈ શક્યા નથી. ફિલ્મી સ્ટુડિયો તો ઠીક લોકેશન પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા જ ઉપલબ્ધ નથી.

**● સચિવાલયમાં મોદીનો હાઉ ખતમ થયો છે...**

ગાંધીનગરના સચિવાલયમાં મોદીનો હાઈ ખતમ થયો છે. શાસનમાં મોદી હતા ત્યારે સચિવાલયના કર્મચારીઓ કે અધિકારીઓ મોદીના પહેલાં ઘરે જવાની ઉતાવળ કરતા ન હતા, આજે સ્થિતિ પલટાઈ છે. કર્મચારીઓના છૂટવાના સાંજના સમય ૬.૧૦ પછી કેટલા કલાક નોકરી કરવી પડતી હતી તે કર્મચારીઓ જાણે છે, હવે સાંજના ચાર વાગ્યાથી બસસ્ટેશને લાઈનો લાગવા માંડે છે. કર્મચારીઓની હાજરી માટે સ્માર્ટ કાર્ડ છે પરંતુ બે વર્ષમાં ગેરહાજરીના મુદ્દે કોઈને સજા થઈ નથી. સ્વર્ણિમ સંકુલમાં પણ ચીફ મિનિસ્ટર ઓફિસ સિવાય હવે કોઈપણ ડિપાર્ટમેન્ટમાં રાત્રીના નવ વાગતા નથી. એક સિનિયર કર્મચારી કહે છે કે મોદીના સમયમાં અમને ઘડિયાળ દેખાતી ન હતી પણ હવે ઘડિયાળ સિવાય કંઈ દેખાતું નથી.

**● મિટીંગનો માહોલ અને મહિને બે પોલિસી...**

સરકારી કચેરીઓ કોર્પોરેટ લૂક ધરાવતી થઈ ગઈ છે પરંતુ કોર્પોરેટ સાથે બેસીને અડધો કલાક પ્રોજેક્ટની ચર્ચા કરવાનો કોઈ મિનિસ્ટર કે ઓફિસર પાસે સમય નથી. સચિવાલયમાં મિટીંગની એવી આદત પડી ચૂકી છે કે નિર્ણય લેવાની શક્તિ જ ખતમ થઈ ચૂકી છે. મુલાકાતીને સરખો ન્યાય મળતો નથી. ડિજીટલ અને ગતિશીલ ગુજરાતમાં સચિવાલયમાં પ્રોજેક્ટનું કામ લઈને આવનારા ઉદ્યોગજૂથના પ્રતિનિધિને મળવાનો કોઈને સમય નથી. કલાકોના કલાકો સુધી મિટીંગમાં વ્યસ્ત રહેતા ઓફિસરો કેશુભાઈ પટેલના શાસનની યાદ અપાવી જાય છે. સરકારમાં અનિર્ણાયકતા એટલી હદે વધી ચૂકી છે કે અરજદાર કે પ્રોજેક્ટ રજૂ કરનારા ઉદ્યોગજૂથને હા કે ના માં જવાબ મળતો નથી. અરજદારની ફાઈલ પર 'ચર્ચા કરીએ...' અથવા તો 'પેન્ડીંગ રાખો...' એવા શબ્દો લખવામાં આવે છે. હાલની સરકાર મહિને બે પોલિસી બનાવે છે, પરંતુ બનાવેલી પોલિસીની સમીક્ષા કરવાનો કોઈને સમય મળતો નથી.

**● હવાઇ ઉડ્ડયનના કોર્સ માટે સંસ્થા જોઇએ છે...**

ગુજરાતના વિદ્યાર્થીઓ હવાઈ ઉડ્ડયનના અભ્યાસક્રમમાં નિપુણ બની શકે તે માટે ગુજરાત સરકારને એવી પ્રાઈવેટ ઈન્સ્ટીટ્યુટ જોઈએ છે કે જે સરકાર સાથે એમઓયુ કરી શકે. અમદાવાદ એરપોર્ટ પાસે આવેલા ગુજસેલ કમ્પાઉન્ડમાં આ પ્રકારના અભ્યાસક્રમો શરૂ કરવાનો સરકારનો ઈરાદો છે. ગુજરાત આ સેક્ટરમાં એક્ઝિક્યુટીવ એમબીએ, એવિયેશન મેનેજમેન્ટ, બીટેક એરોસ્પેસ એન્જીનિયરીંગ, બીબીએ એવિયેશન ઓપરેશન, એમબીએ એવિયેશન મેનેજમેન્ટ, એમબીએ લોજીસ્ટિક મેનેજમેન્ટ, બીબીએ ટુરિઝમ અને બીટેક એવિયોનિક્સ એન્જીનિયરીંગ જેવા અભ્યાસનો સમાવેશ કરવામાં આવ્યો છે. નાગરિક ઉડ્ડયનના એક અધિકારીએ જણાવ્યું હતું કે એવિયેશન કોલેજ માટે અમદાવાદ એરપોર્ટ પાસે જમીન દરખાસ્તની પ્રક્રિયા હાલ મંજૂરીના આખરી તબક્કામાં છે.